# અંદાજપત્ર ૨૦૨૪: દરેક પેઢી માટે ઉચિત

એપ્રિલ ૧૬, ૨૦૨૪ ઓટાવા, ઓન્ટારિયો નાણાંખાતું, કેનેડા

**આજે, નાયબ પ્રધાનમંત્રી અને નાણાંપ્રધાન, માનનીય ક્રિસ્ટિયા ફ્રીલેન્ડે** અંદાજપત્ર ૨૦૨૪: દરેક પેઢી માટે ઉચિત, બહાર પાડ્યું.

**આ એક એવું કેનેડા બનાવવાની યોજના છે જે** દરેક પેઢી માટે વધારે સારી રીતે કામ આપે, જેમાં યુવા પેઢી આગળ વધી શકે, જ્યાં તેમની મહેનતનું ફળ મળે, અને જ્યાં તેઓ પોતે તેમનું પોતાનું ઘર ખરીદી શકે અથવા ભાડે લઇ શકે – જ્યાં દરેકને એક સારી મધ્યમ વર્ગની જિંદગી જીવવાનો ઉચિત મોકો મળે.

**સૌ પ્રથમ**, **અંદાજપત્ર ૨૦૨૪ વધુ ઘરો બનાવવા માટે હિંમતભર્યાં પગલાં લે છે**. કારણકે, ઘરની કિંમતો અને ભાડાં વધુ પોસાય તેવા બનાવવા માટેનો સૌથી સારો રસ્તો એ છે કે એનો પૂરવઠો વધારવો જોઈએ – અને તે ય ઝડપથી. અંદાજપત્ર ૨૦૨૪માં એવી વ્યૂહરચના કરવામાં આવી છે કે ૨૦૩૧ સુધીમાં ૩.૮૭ મિલિયન નવા ઘરો ખુલી જશે. મુખ્ય પગલાંમાં એક નવી યોજના, *પબ્લિક લેન્ડ્ઝ ફોર હોમ્સ પ્લાન* અને એક નવા કેનેડા રેન્ટલ પ્રોટેકશન ફંડનો પ્રારંભ થશે, કનેડિયન મોર્ગેજ ચાર્ટરને વધુ આગળ વધારાશે અને એક નવા કરાર, કનેડિયન રેન્ટર્સ બિલ ઓવ રાઇટ્સને વિકસાવવાનો સમાવેશ થશે.

**બીજું**, **અંદાજપત્ર ૨૦૨૪ રોજબરોજના જીવનના ખર્ચા ઓછા કરવામાં મદદ કરશે**. કેનેડાની સામાજિક સુરક્ષાની જાળમાં પરિવર્તન લાવવા - એક દિવસના ૧૦ ડોલર લેખે બાળસંભાળ પૂરી પાડવાથી શરૂ કરીને જેની પાસે વીમો ન હોય એવા કનેડિયનોને પણ દાંતની સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવાથી, નેશનલ યુનિવર્સલ ફાર્માકેર સુધી અંદાજપત્ર ૨૦૨૪ કનેડિયનોના રોજબરોજના જીવનના ખર્ચા ઓછા કરવા તરફ સરકારના કામને આગળ ધપાવી રહ્યું છે. એમાં ખાધાખોરાકીની ચીજોના ભાવો સ્થિર કરવાનો, ફાલતુ ફી તોડી પાડીને કિંમતો ઉચિત બનાવવવાનો, અને બેંકના ખર્ચા ઓછા કરવાનો સમાવેશ થાય છે. અંદાજપત્ર ૨૦૨૪ પરિવર્તનશીલ નવા રોકાણો કરશે, જેમાં એક નવા નેશનલ સ્કૂલ ફૂડ પ્રોગ્રામ અને નવા કેનેડા ડીસેબિલીટી બેનિફિટની શરૂઆત કરવાનો સમાવેશ થશે.

**ત્રીજું**, **અંદાજપત્ર ૨૦૨૪ અર્થતંત્રનો એ રીતે વિકાસ કરશે કે જેમાં સૌ સહભાગી થશે**. આ એવી યોજના છે જેનાથી રોકાણોને આકર્ષીને એમાં વધારો થશે, ઉત્પાદકતામાં પ્રગતિ થશે અને એવા ફેરફારો આવશે કે જેના કારણે સારા પગારવાળી અને અર્થપૂર્ણ નોકરીઓ ઉભી થશે જે

કેનેડાને આર્થિક રીતે અગ્રેસર બનાવશે. આપણા ઉત્તમ ઉધોગપતિઓ અને નવપરીવર્તનશીલોને નવા ટેકા  આપીને તેમના વિચારોને અહીં કેનેડામાં જ મૂર્તિમંત કરવા માટે શક્તિમાન બનાવશે. એમાં નેટ -ઝીરો અર્થતંત્રમાં વધુ રોકાણને આકર્ષવાનો સમાવેશ થાય છે, જેમાં મોટા આર્થિક રોકાણોને ટેક્સ ક્રેડિટ આપીને, કેનેડાના આર્ટિફિશીયલ ઇન્ટેલિજન્સના નેતા તરીકેના લાભને મજબૂત બનાવીને, અને રિસર્ચની ગ્રાન્ટોમાં રોકાણ કરીને યુવા પેઢીઓને સારી નોકરીઓ અને નવી તકો આપવામાં આવશે. અને એનો અર્થ એ થાય છે કે મૂળ નિવાસી સમાજના લોકો આ વિકાસમાં એમને કામ આવે એ રીતે સહભાગી બને એની ખાતરી રાખી શકાય.

અંદાજપત્ર ૨૦૨૪ કેનેડાની કરવેરા-વ્યવસ્થાને વધુ ઉચિત બનાવતા અતિ ધનિકોને પોતાનો ઉચિત હિસ્સો ભરવા કહે છે – જેથી કરીને આપણે દરેક પેઢી માટે સમૃધ્ધિમાં રોકાણ કરી શકીએ; કારણકે નાણાકીય મુખ્ય મુદ્દાને અવગણીને આવનારી પેઢીઓ પર વધુ દેવું લાદવું એ તો બેજવાબદાર અને અનુચિત જ ગણાય. અંદાજપત્ર ૨૦૨૪ એક જવાબદારીપૂર્વકની આર્થિક યોજના છે જેમાં *૨૦૨૩ ફોલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ* માં દર્શાવેલ નાણાકીય હેતુઓની રૂપરેખા આપેલી છે, અને એમાં જોવામાં આવેલ છે કે કેનેડા જી૭ માં ખાધ- અને નેટ દેવાના જીડીપીના ન્યૂનતમ ગુણોત્તરોને જાળવી રાખે.

**અવતરણ**

“**અમારી સરકારે જ્યારે પહેલી વાર કાર્યાલયનો કારભાર સંભાળ્યો ત્યારે અમે વચન લીધું હતું કે મધ્યમ વર્ગને મજબૂત બનાવવો અને એને વિસ્તારવો. અમે ખાસ કરીને બાળકો અને વયસ્કોની ગરીબી ઓછી કરીને અને લાખો** કનેડિયનો માટે સારી નોકરીઓ ઉભી કરીને એ વચનનું પાલન કર્યું છે. અમારું કામ હજી પૂરું નથી થયું. અંદાજપત્ર ૨૦૨૪ લાખો યુવાન કનેડિયનો માટે **મધ્યમ વર્ગનો દરવાજો ખોલી આપવા પર** અમારું ધ્યાન ફરી એક વાર દોરે છે. અમે વધુ રહેઠાણો બાંધીશું અને જીવનના ખર્ચા ઓછા કરવામાં મદદ કરીશું. અમે આપણી અર્થવ્યવસ્થાને વિકાસ તરફ દોરી જઇશું જેથી સૌ ઉપર આવે. એ દરેક પેઢી માટે ઉચિત છે.”

- *માનનીય ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ, નાયબ પ્રધાનમંત્રી અને નાણાંપ્રધાન*

**લાગતાં-વળગતાં મુદ્દા**

- અંદાજપત્ર ૨૦૨૪: દરેક પેઢી માટે ઉચિત
- અંદાજપત્ર ૨૦૨૪: **નાયબ પ્રધાનમંત્રી અને નાણાંપ્રધાનનો સંદેશ**

- અંદાજપત્ર ૨૦૨૪: **મુખ્ય પગલાં (બિનસત્તાવાર ભાષાઓમાં ઉપલબ્ધ)**
- પૃષ્ઠભૂમિકા: વધુ પોસાય તેવા ઘરો
- પૃષ્ઠભૂમિકા: વધુ મજબૂત સામાજિક સુરક્ષાની જાળ
- પૃષ્ઠભૂમિકા: યુવા પેઢીઓ માટે ઉચિત
- પૃષ્ઠભૂમિકા: **અર્થતંત્રનો વિકાસ અને** ઉત્પાદકતા
- પૃષ્ઠભૂમિકા: લઘુ ઉદ્યોગોનો વિકાસ
- પૃષ્ઠભૂમિકા: વધુ સુરક્ષિત, વધુ સ્વસ્થ સમાજો
- પૃષ્ઠભૂમિકા: મૂળ નિવાસી સમાજના લોકો માટે ઉચિત ભવિષ્ય
- પૃષ્ઠભૂમિકા: દરેક પેઢી માટે ઉચિત કરવેરા
- અંદાજપત્ર ૨૦૨૪: કેનેડાની બેન્કોનું ગ્રાહકો-તરફી માળખું

સંપર્કો


સંચાર-માધ્યમો અહીં સંપર્ક કરી શકે છે:

કેથરિન કપલિન્સકાસ
પ્રેસ સેક્રેટરી અને સિનિયર ક્યુનિકેશન્સ એડવાઇઝર
ઓફિસ ઓવ ધ ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર એન્ડ મિનિસ્ટર ઓવ ફાઈનાન્સ
Katherine.Cuplinskas@fin.gc.ca

મીડિયા રિલેશન્સ
ડિપાર્ટમેન્ટ ઓવ ફાઈનાન્સ કેનેડા
mediare@fin.gc.ca
૬૧૩-૩૬૯-૪૦૦૦

**સામાન્ય પૂછપરછ**
ફોન: ૧-૮૩૩-૭૧૨-૨૨૯૨

ટીટીવાય: ૬૧૩-૩૬૯-૩૨૩૦

E-mail: financepublic-financepublique@fin.gc.ca